### શિક્ષણની નવી દ્રષ્ટિ આપતું સામયિક....

# ભાવમન

બી.આર.સી.ભાવનગરથી ન.પ્રા.શિ.સ.ની શાળાઓને આવરી લેતું સામયિક....

વર્ષ:-૧, અંક-૨, ફેબ્રુઆરી-૨૦૧૯

સ્થાપના વર્ષ :- જાન્યુઆરી, ૨૦૧૯



સર્વ શિક્ષા અભિયાન દ્વારા નિર્મિત અને ન.પ્રા.શિ.સમિતિ સંચાલિત શ્રી શાળા નં-૨૮ના નવ નિર્મિત બિલ્ડીંગનો લોકાપર્ણ સમારોહ માન. વિભાવરીબેન દવે(રાજ્યકક્ષાના મંત્રીશ્રી મહિલા અને બાળકલ્યાણ, શિક્ષણ અને યાત્રાધામ,ગુજરાત રાજ્ય) ના વરદ હસ્તે યોજાઈ ગયો .



ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ન.પ્રા.શિ.સમિતિ.ના બાળકોને મકરસંક્રાતિ પર્વ નિમિતે બાળકોને નાસ્તો અને પતંગો ભેટ અપાયા તેમજ શાળા નં. ૫૮ના શિક્ષક અને દાતાશ્રી મીરાબેનનું સન્માન કરાયું.



શાળા નં. ૬૩માં ભાવનગર શહેર કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં ભાવનગરના પ્રથમ નાગરિક અને મેયરશ્રી મનહરભાઈ મોરીના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો. જેમાં શહેરના કમિશ્નરશ્રી એમ.એ.ગાંધી તેમજ વિવિધ અધિકારીઓ અને પદાધિકારીઓએ હાજરી આપેલ.



શાળા નં. ૬૭, ચન્દ્રમોલી પ્રા.શાળામાં ન.પ્રા.શિ.સમિતિના શિક્ષકોની રાત્રી વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ જેમાં ચેરમેનશ્રી નિલેશભાઈ, રાજકોટ DEO આર.એસ.ઉપાધ્યાય, ભાવનગર DPEO કે.ડી.કણસાગરા, ભાવનગર DEO કચેરીના મહેશરાજ પાંડે, હિતેશભાઈ દવે,પૂર્વ શાસનાધિકારી સતીષભાઈ,મોડેલ સ્કુલના આચાર્ય મનસુખભાઈ બોરીચા,સમીરભાઈ જાનીએ વિશેષ હાજરી આપેલ.



સરદાર પટેલના નિર્વાણ દિને સરદાર પટેલ યુવક મંડળ(ભરતભાઈ મોણપરા) દ્વારા લાલબહાદુર શાસ્ત્રી પ્રાથમિક શાળામાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરાયું.



શિશુવિહાર અને વિવેકાનંદ ઇન્સ્ટીટયુટ દ્વારા આયોજિત પુસ્તકમેળામાં ન.પ્રા.શિ. સમિતિના બાળકોએ દોરેલ ચિત્રો પ્રદર્શિત કરવામાં આવેલ.




**શહેર કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં શાળા નં. ૪૪ની પ્રસ્તુતિ.**



શાળા નં. ૨૨ના શિક્ષક શ્રી સંગીતાબેન વોરા દ્વારા શાળાના તમામ બાળકોને લેશન ડાયરી આપવામાં આવી.



શાળા નંબર.૧૮/૧૯ માં વિદ્યાર્થીઓને દફતરનું વિતરણ તથા દાતાઓના સન્માનનો કાર્યક્રમ યોજાઈ ગયેલ જેમાં મહેમાન તરીકે શ્રી નિલેશભાઈ રાવલ તથા ચેતનભાઈ તંબોલી (સ્ટીલકાસ્ટ,લિ.) તથા શ્રીચેતનભાઈ કામદાર (ભાવનગર સોલ્ટ) તથા નેધરલેંડથી પધારેલ બે વિદેશી મહેમાનો સુશ્રીએઝ઼લે તથા શ્રીરેન્યુલે વિશેષ હાજરી આપેલ.



શાળા નંબર ૩૦માં બી.આર.સી.,ભાવનગર દ્વારા દિવ્યાંગ બાળકો માટેનો પતંગ ઉત્સવ ઉજવાયો જેમાં ચેરમેન શ્રી નિલેશભાઈ , શાસનાધિકારીશ્રી યોગેશભાઈ, બી.આર.સી કૉ.ઓ.શ્રી કલ્પેશભાઈ વિશેષ હાજરી આપેલ.

-: પ્રેરણા :-

*મા. નિલેશભાઈ રાવલ*
*ચેરમેનશ્રી, ન.પ્રા.શિ.સમિતિ,*
*ભાવનગર.*

-: માર્ગદર્શક :-

*યોગેશભાઈ ભટ્ટ*
*શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સમિતિ,*
*ભાવનગર.*

-: સંપાદક :-

*કલ્પેશભાઈ પંડ્યા*
*બી.આર.સી.શ્રી*
*ભાવનગર.*

-: સહ સંપાદક :-

*સી.આર.સી. તમામ*
*ભાવનગર કોર્પોરેશન.*

-: સંપર્ક સેતુ :-

*પંકજભાઈ જોષી*
*મો. ૯૪૨૮૮૧૧૦૧૦*
*યુવરાજભાઈ દિયોરા*
*મો. ૮૧૪૦૬૮૭૯૫૯*

# ભાવમન

## અમારી વાત .....

પ્રિય,
વાચક મિત્રો,

શિક્ષક કેવો હોવો જોઈએ ? – સમાજમાં ચાલતો અવિરતપણે ચર્ચાતો આ પ્રશ્નનો જવાબ લખવા બેસીએ તો કદાચ દિવસો નીકળી જાય ! પરંતુ પૂર્ણવિરામ ન આવે !! સમાજના ઘડવૈયાની વ્યાખ્યા કરવી સહેલી નથી હોતી ! આજે શિક્ષકના સંપૂર્ણ શિક્ષકત્વ પૈકી સમજણ વિષેની ચર્ચા કરીએ ! બાળકોની સમજ વિશે તો આપણે ચર્ચીએ જ છીએ, શિક્ષકની સમજ કેવી હોય/હોવી જોઈએ તેની પણ થોડી ચર્ચા કરીએ ! કામ તો હંમેશાં બાળકો સાથે જ કર્યે રાખવાનું છે ત્યારે બાળકોની સમજ સાથે આપણી સમજને કેવી રીતે મિલાવીએ કે જેથી દરેક વિષયવસ્તુ બાળકો સરળતાથી સમજે ? કોઈપણ બાબત અંગે જયારે આપણે બાળકોને વર્ગખંડમાં સમજાવીએ છીએ ત્યારે કેટલાંક બાળકો તે બાબતને સ્પષ્ટતાથી નથી સમજી શકતાં હોતા ! ત્યારે આપણું રિએકશન આવા વાક્યમાં હોય છે – "હું જે કહું છું તે તો આને સમજાતું જ નથી !" પરંતુ એકવાર આ વાક્યને જરા જેટલું જ ફેરવીને બોલીએ કે "હું તેને સમજાવી શકતો નથી!" સમાંતર લાગતાં આ બે વાક્યો વચ્ચેનો ભેદ જમીન અને આસમાન જેટલો છે !! અને તેનાં પરિણામો પણ !! જયારે સંવાદના અંતે તમે કોઈને કહો છો કે તું સમજતો જ નથી ત્યારે – તમારા અને તેના જે તે વિષયના સંવાદનો અંત આવી જાય છે, જાણે કે તમામ રસ્તાઓ બંધ ! પરંતુ તેને બદલે જો આત્મખોજરૂપે તે સમયે એવું વિચારીએ છીએ કે મારી વાત તો સાચી છે પણ હું તને સમજાવી શકતો નથી ત્યારે તે સમજાવવા માટેના વિકલ્પો અને રસ્તાઓ વિશે વિચારવાનો મોકો મળી રહે છે, જેના પરિણામે પ્રયત્ન અને સંવાદ ક્રમિક રહે છે અને સ્વવિકાસની તક મળે છે તે નફામાં !! માટે જ વર્ગખંડોમાં બાળકોને ન સમજાવી શક્યાની આત્મખોજ એ જ આપણને "માં" ના "સ્તર" સુધી લઈ જ જશે ! ચાલો, "માં-સ્તર" બનીએ !

- નિલેશભાઈ રાવલ
  ચેરમેનશ્રી, ન.પ્રા.શિ.સમિતિ, ભાવનગર

આપની શાળાની પ્રવુતિ,કાર્યક્રમ,લેખો,ઇનોવેશનની માહિતી bhavmanmsb@gmail.com પર મોકલી આપવા વિનંતી





ક્રમ- વિગત - પેજ નંબર

(૧) સર પ્રભાશંકર પટ્ટણી પુણ્યતિથિ ૫

(૨) સ્વરચિત કાવ્ય ૬

(૩) બાળગીત ૬

(૪) દિન વિશેષ ૬

(૫) બાળવાર્તા ૭

(૬) શાળાકીય પ્રવૃતિઓની ઝરમર ૮

(૭) માતૃ-પિતૃ પૂજન દિવસ ૧૩

(૮) માતૃભાષા દિન ૧૪

(૯)આગામી માસના કાર્યક્રમો- ફેબ્રુઆરી ૧૫

(૧૦)રામકૃષ્ણ પરમહંસ જન્મદિન ૧૬

(૧૧) રવિશંકર મહારાજ જન્મદિન ---------------૧૬

(૧૨)ચંદ્રશેખર આઝાદ પુણ્યતિથિ--------------૧૬

(૧૩) રાષ્ટ્રીય વિજ્ઞાનદિન-૧૭


# ઉઘડતા પાને....

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પછાત વિસ્તારની પ્રાથમિક શાળામાં આવતા બાળકો મોટા ભાગે ખૂબ જ કાળજી માગી લે તેવા હોય છે. આપણી સામાજિક વ્યવસ્થામાં બાળકને ભગવાન માનવામાં આવે છે અને આપણી ધાર્મિક માન્યતાઓમાં જરૂરિયાતમંદને  મદદ એ પુણ્યનું કામ તરીકે મૂલવવામાં આવ્યું છે.આવી આપણી વ્યવસ્થા નો સમન્વય ગ્રામીણ અંતરિયાળ વિસ્તારમાં જોવા મળી રહે છે. જરૂરીયાત મંદ બાળકોમાં પણ બે પ્રકારના બાળકો આપણી સામે હોય છે જરૂરીયાત મંદ વાલીના બાળકો અને બીજો પ્રકાર જરૂરિયાતમંદ બાળકો પહેલા પ્રકારના બાળકો એટલે જેમાં આપણા વર્ગખંડમાં એવા બાળકો આવતા દેખાય છે જેઓના ઘરની મુલાકાત લેતા સમયે જ તેમની સ્થિતિ જોઈ આપણને પણ એમ થઈ જાય કે ખરેખર આ સ્થિતિમાં તો શાળાએ જવું એ ગૌણ છે, કદાચ અભ્યાસ સમયે આપણી આવી સ્થિતિ હોત તો આપણે પણ નિશાળનું પગથિયુંય ન ચડ્યા હોત, જ્યાં સવાર સાંજનું ખાવાનું અને પહેરવાનું કેવી રીતે પૂરું કરીશ, તેની દ્વિધા માં જીવતા કેટલાક પરિવારના આગેવાનને ભૂલથી યાદ ન આવે કે બાળકો શાળાએ ગયા કે નહીં તે પૂછું,આવા પરિવારો પણ જ્યારે બાળકોને શાળાએ પહોંચતા કરે ત્યારે આ વાલીઓ સન્માનને પાત્ર હોય છે, અને આવા બાળકો પ્રત્યેની આપણી જવાબદારી ફક્ત અને ફક્ત પાઠ્યપુસ્તકોનું ઈનપુટ કરવા પૂરતી સીમિત ન રહેતા તેના માટે થોડુંક વધારે કાળજીપૂર્વકનું શાળા પર્યાવરણ  બનાવવાની રહે છે કારણ કે આવા બાળકોને આપણે જરૂરિયાત મંદ બાળકોની કૅટેગરીમાં સામેલ કરીએ છીએ, જ્યારે અહીં જરૂરિયાત મંદ બાળક નો અર્થ ફક્ત આર્થિક રીતે જ નથી અહીં જરૂરીયાત મંદ બાળક એ  છે કે જેનાં વાલીને  જરૂરિયાતની વ્યવસ્થા કરવા માટેની વ્યસ્તતામાં પ્રેમ હૂંફ અને તેને સમજવા માટેની પરાનુભૂતિ નથી મળી રહી તે બધું પણ કરવું જરૂરી છે અને ખરેખર આવા બાળકો માટે મોટાભાગના આપણા મિત્રો મહેનત પણ કરે છે. બીજા પ્રકારનો બાળક એટલે જ્યારે કોઈ બાળક પાસે વિષયની નોટબુક ભરાઈ ગઈ હોય અને ફરીથી ન લાવ્યો હોય, પેન-પેન્સિલ, રબર ન હોય અથવા તો શૈક્ષણિક કાર્ય માટે લાવવા પડતા સાધનોની વારંવાર સૂચના આપવા છતાં ન લાવતો હોય અને જ્યારે પૂછીએ ત્યારે જવાબ હોય કે મેં ઘરે મારા પપ્પા પાસે માંગેલું પણ....... વાલી પણ લાવવા સક્ષમ હોય,  છતાં પણ પરિવારમાં મોજશોખને અગ્રિમતા હોય ત્યાં બાળકોના અભ્યાસ માટેના સાધનોને ગૌણ કરી નાખવામાં આવતા હોય છે ત્યારે આપણી તેના પરિવાર પ્રત્યેની ફરિયાદ હોય છે કે મોબાઈલ સ્પીકર ટીવી લાવવાના પૈસા મળે છે, વ્યસન કરવાના પૈસા મળે છે પણ નોટ લાવવાના પૈસા નથી તારા બાપા પાસે અને આ બળાપો ઘણા અંશે  વાજબી પણ છે કારણ કે આ બળાપો જ સાબિતી છે આપણી તે બાળકના શિક્ષણ પ્રત્યેની કાળજીનો.પરંતુ વિચારો કે  આ બાળકનો શું વાંક છે?જ્યારે જરૂરીયાતમંદ બાળક  એવો શબ્દ વાપરીએ છીએ તે બાળકો ખરેખર આ છે પહેલા તો જરૂરીયાતમંદ વાલી છે. ચાલો આવા બાળકો અને વાલીઓ માટે કર્મ  નહિ તો ધર્મ સમજીને પણ જેટલી પણ મદદ કરતા આવ્યા છીએ તે કરતાં રહીએ અને ના કરતા હોય તો આજથી શરૂ કરીએ. (સાભાર બાયોસ્કોપ)

-- યોગેશભાઈ ભટ્ટ

શાસનાધિકારી,ન.પ્રા.શિ.સમિતિ, ભાવનગર

કેટલીક દુર્બળતાઓ જિજીવિષાને કારણે જન્મે છે તો કેટલીક ઉપરછલ્લા અભ્યાસને કારણે સાહસના અભાવથી જ ઘણી બધી પ્રતિભાઓ વિશ્વમાંથી ખોવાઈ જાય છે– સિડની સ્મિથ


## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-ભાવનગર

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નિલેશભાઈ એન. રાવલ | ચેરમેનશ્રી | ૮. | શ્રી રસીકલાલ આર. સિદ્ધપુરા | સભ્યશ્રી |
| ૨. | શ્રી મહેન્દ્રસિંહ બી. ગોહિલ | ડે. ચેરમેનશ્રી | ૯. | શ્રી વિવેકભાઈ વી. દીઘે | સભ્યશ્રી |
| ૩. | શ્રી હીરાબેન એચ. વિંઝુડા | સભ્યશ્રી | ૧૦. | શ્રી સલીમભાઈ એમ. રાંધનપુરી | સભ્યશ્રી |
| ૪. | શ્રી જસવંતભાઈ આર. ગાંધી | સભ્યશ્રી | ૧૧. | શ્રી નિર્મળસિંહ એચ. જાડેજા | સભ્યશ્રી |
| ૫. | શ્રી કલ્પેશભાઈ એચ. મણિયાર | સભ્યશ્રી | ૧૨. | શ્રી કમલેશભાઈ આર. ઉલ્વા | સભ્યશ્રી |
| ૬. | શ્રી બકુલભાઇ કે. ત્રિવેદી | સભ્યશ્રી | ૧૩. | શ્રી જાગૃતિબેન આર. રાવલ | સભ્યશ્રી |
| ૭. | શ્રી નરેશભાઈ એસ. મકવાણા | સભ્યશ્રી | ૧૪. | શ્રી વર્ષાબા વી. પરમાર | સભ્યશ્રી |

## સામાન્ય માહિતી

| ક્રમ | કુલ શાળાઓ | | વિદ્યાર્થીઓની સંખ્યા | | ઉપલબ્ધ કેમ્પસ સુવિધા | માધ્યમ પ્રમાણે શાળાઓ | | સી.આર.સીની સંખ્યા | બી.આર.સી.ની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધોરણ ૧ થી ૫ | ધોરણ ૬ થી ૮ | કુમાર | કન્યા | | ગુજરાતી | ઉર્દુ | | |
| ૧ | ૪ | ૫૧ | ૧૦૬૪૯ | ૧૨૬૦૨ | ૪૬ | ૫૪ | ૧ | ૧૦ | ૧ |


# ૧૬ ફેબ્રુઆરી- સર પ્રભાશંકર પટ્ટણી પુણ્યતિથિ



વિચક્ષણ રાજ અમલદાર ,સાધુપુરુષ પ્રભાશંકર પટ્ટણીનો જન્મ ઇ.સ.1862માં મોરબી મુકામે તેઓ વિદ્યાર્થીકાળથી જ તેજસ્વી હતા. તેમનો અભ્યાસ મેટ્રિક સુધીનો હતો. એક સામાન્ય શિક્ષક તરીકેની નોકરીથી કારકિર્દીનો પ્રારંભ કરીને તેઓએ ભાવનગર રાજયના દીવાનપદ તથા એડમિનિસ્ટ્રેટરના પદને શોભાવ્યું હતું. ખેડૂતોની સ્થિતિ સુધારવા તેઓ પોતાથી બનતું બધું જ કરી છૂટતા.જૂનાગઢ વગેરે દેશી રાજ્યો ઉપરાંત સરકારી ઇલાકાઓએ પણ ભાવનગરનો દાખલો લઇ તે દિશામાં પ્રયત્ન કરેલા. હિન્દુસ્તાનના દેશી રાજાઓના માનવંતા સલાહકાર ઉપરાંત બ્રિટિશ સલ્તનતનો વિશ્વાસ મેળવી ઇન્ડિયા કાઉન્સિલમાં તેમણે સ્થાન ભોગવ્યું હતું.તેમનો ભાવનગર પ્રત્યેનો પ્રેમ અને મહારાજા ભાવસિંહજી પ્રત્યેની ભક્તિ અનન્ય હતી.ઉચ્ચ અમલદાર હોવા છતાં તેમનું જીવન ખૂબ જ સાદગીભર્યું હતું. તેણે આકર્ષક બુદ્ધિપ્રતિભા તથા કાર્યશક્તિ ધરાવનાર પ્રભાશંકર પટ્ટણીએ આઝાદીની લડત વખતે મહાત્મા ગાંધીજીના અંગત મિત્ર બની રહી કાર્ય કર્યું હતું. નિ:સ્પૃહી પ્રભાશંકર પટ્ટણી જરૂરિયાતમંદ લોકોને છૂટે હાથે સહાય કરતા એ કોઇથી અજાણ્યું ન હતું.ગાંધીજીના તેઓ અંગત મિત્ર રહ્યા હતા સૌરાષ્ટ્રના જે જે સારા દીવાનો થયા તેમાં શ્રી પટ્ટણીનું નામ શિરમોર છે.76 વર્ષની ઉંમરે 16/2/1938ના રોજ તેમનું અવસાન થયું ,ત્યાં સુધી તેઓ ભાવનગર રાજયને અને રાજવીને સમર્પિત રહ્યા હતા

**ભયથી વ્યાપ્ત આ સંસારમાં તે જ વ્યક્તિ નિર્ભય રહી શકે જે બધા પર ક્ષમા અને દયાભાવ રાખે છે– બુદ્ધ.**

## સ્વરચિત કાવ્ય




## બાળ ગીત

પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન

પરોઢિયે મંદિર મસ્જિદમાં ધરતાં લોકો તારું ધ્યાન

તું ધરતીમાં તું છે નભમાં સાગર મહી વસે છે તું

ચાંદા સૂરજમાંયે તું છે ફુલો મહી હસે છે તુ

હરતાં ફરતાં કે નીંદરમાં રાતે દિવસે સાંજ સવાર

તારો અમને સાથ સદાયે તું છે સૌનો રક્ષણહાર

દેવ બનાવી દુનિયા છે તેં તારો છે સૌને આધાર

તું છે સૌનો સૌ તારાં છે નમીએ તુજને વારંવાર

## દિન વિશેષ

## ફેબ્રુઆરી

| | |
|---|---|
| ૧ ફેબ્રુઆરી -તટરક્ષક દિન | ૨૧ ફેબ્રુઆરી વિશ્વ -માતૃભાષા દિવસ |
| ૫ ફેબ્રુઆરી- જમ્મુ અને કાશ્મીર દિન | ૨૨ ફેબ્રુઆરી- કસ્તૂરબા ગાંધી પુણ્યતિથિ |
| ૧૨ ફેબ્રુઆરી -સર્વોદય દિન, ઉત્પાદકતા દિન | ૨૩ ફેબ્રુઆરી- લુઈ બ્રેઇલ પુણ્યતિથિ |
| ૧૩ ફેબ્રુઆરી -સરોજિની નાયડુનો જન્મદિન | ૨૪ ફેબ્રુઆરી -સેન્ટ્રલ એક્સાઇઝ દિન |
| ૧૪ ફેબ્રુઆરી -વેલેન્ટાઇન ડે | ૨૫ ફેબ્રુઆરી -પંડિત રવિશંકર મહારાજ જન્મદિન |
| ૧૬ ફેબ્રુઆરી- પ્રભાશંકર પટ્ટણી પુણ્યતિથિ | ૨૭ ફેબ્રુઆરી -ચંદ્રશેખર આઝાદ પુણ્યતિથિ |
| ૧૮ ફેબ્રુઆરી- રામકૃષ્ણ પરમહંસ જન્મદિન | ૨૮ ફેબ્રુઆરી -રાષ્ટ્રીય વિજ્ઞાન દિન |
| ૨૦ ફેબ્રુઆરી -અરુણાચલ પ્રદેશ, મિઝોરમ દિન | ૨૯ ફેબ્રુઆરી -મોરારજી દેસાઈ જન્મદિન |

પ્રગતિ વિના સંસ્કૃતિ નહીં, વિચારો વિના પ્રગતિ નહીં, પુસ્તકો વિના વિચારો નહીં, પુસ્તક મારફતે જ માણસ બીજાના કોઈપણ અનુભવને પોતાનો કરી શકે છે, પોતાની પસંદગીના યુગમાં જીવી શકે છે એક જિંદગીમાં અનેક અવતારો જીવી શકે છે– નોર્મન કઝીન્સ

# સોનાનું ઈંડું આપતી મરઘી -અતિ લોભ તે પાપનું મૂળ છે

## બાળવાર્તા

એક ગામમાં એક મજૂર રહેતો હતો. તે મજૂરી કરતો અને જેમતેમ કરીને પોતાનું ગુજરાન ચલાવતો. એક વખત તેને જંગલમાંથી ઘરે આવતા એક મરઘી દેખાઈ. તેને જોઈને તેનું મન પ્રફુલ્લિત થઈ ગયુ. તેને મનમાં વિચાર્યુ કે આ મરઘી ઘરે લઈ જઈશ તો રોજ મને એક  ઈંડું ખાવા મળશે. તે જેમતેમ કરીને મરઘીને ઘરે લઈ ગયો અને તેને એક ખૂણામાં તેનુ ઘર બનાવીને બેસાડી દીધી.



બીજે દિવસે સવારે મરઘી પાસે ગયો. જોયું તો મરઘીની સોડમાં એક ઈંડું પડ્યું હતું. પણ તે તો નક્કર અને સોનાનું હતું. એ જોઇને તો મજૂર આશ્ચર્યમાં પડી ગયો. તેની ખુશીનો પાર ન રહ્યો ! તેણે તો પોતાની જીંદગીમાં આવું સ્વપ્ને પણ વિચાર્યું નહોતું. તે ઈંડુ બજારમાં લઈ ગયો. તેને વેચતા તેને ઘણા બધા પૈસા મળ્યા. તેણે જોઈતી બધી વસ્તુઓ ખરીદી લીધી.

બીજે દિવસે પણ મરઘીએ આવું જ સોનાનું ઈંડું મુક્યું. અને તે પ્રમાણે દરરોજ એક એક સોનાનું ઈંડું મુકવા લાગી. મજૂરના તો નસીબના દ્વાર ખુલી ગયા. તે આ સોનાના ઈંડાં વેચીને ખુબ જ પૈસાદાર બની ગયો. તેની પત્ની પણ તેનાથી ખુબ જ ખુશ હતી. એક દિવસ મજૂર એની મરઘીને રમાડતો હતો. એના મનમાં તરંગ ઉઠ્યો કે આ મરઘી દરરોજ એક એક ઈંડું આપે છે તો તેના પેટમાં કેટલા બધાં ઈંડાં હશે ! લોભને લીધે તેની બુદ્ધિ બગડી, તે ઉઠ્યો ઘરમાંથી એક છરી લઇ આવ્યો. મરઘીને તેણે પકડીને તેના પેટ પર ચીરો મુક્યો. એક સાથે બધા સોનાનાં ઈંડાં મેળવવા તેણે મરઘીના પેટ પર ચીરો મુક્યો. ફાડીને જોયું તો કંઈ જ મળ્યું નહિ. બિચારી મરઘી કે જેણે તેને પૈસાદાર બનાવ્યો હતો તે જ મરી ગઈ.



પછી તેને સમજાયું કે તેણે બહુ મોટી ભૂલ કરી છે. તે ઘણું પસ્તાયો અને ખુબ જ રડ્યો. પરંતુ હવે રડવાથી કે પસ્તાવાથી શું મળે ? તેથી જ કહેવાય છે કે ‘અતિ લોભ તે પાપનું મૂળ છે.

ક્યારેક આપણું મૌન પણ આપણી ભાષા કરતા વધુ મહત્વ રાખે છે

# શાળાકીય પ્રવૃત્તિઓની ઝરમર



પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સમિતિના શિક્ષકોના ઇનોવેશન અંગેના સ્ટોલ નિહાળતા મેયરશ્રી મનહરભાઈ મોરી, માન. ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી, ચેરમેનશ્રી નિલેશભાઈ રાવલ.



અંબિકા પ્રા.શાળા, શાળા નં.૭ દ્વારા શૈક્ષણિક પ્રવુતિના ભાગ રૂપે પ્રવાસ..







શ્રી છત્રપતિ શિવાજી પ્રા. શાળા નં. ૪૦, નિર્મળનગરના વિદ્યાર્થીઓ દ્વારા 1.dsp ઓફિસ, નેત્ર કેમેરા કંટ્રોલ સેન્ટર, જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ, 2.સી ડિવિઝન પોલીસ સ્ટેશન, લોકઅપ, આર્મરી સ્ટોર, એવીડેન્સ રૂમ 3. ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાઈવ કોર્ટ હિયરિંગ, જજમેન્ટ, મફત કાનૂની સહાય કેન્દ્ર, 4. હેડ પોસ્ટ ઓફિસ, sorting સેન્ટર, પોસ્ટ બેન્ક, વિવિધ કાઉન્ટર 5.જિલ્લા પંચાયત 6. મોતીબાગ શાળા 7. જિલ્લા પુસ્તકાલયની શૈક્ષણિક પ્રવુતિના ભાગરૂપે મુલાકાત લેવામાં આવી. અદાલતની મુલાકાત દરમિયાન નામદાર જજ સાહેબશ્રી મારફતિયા સાહેબ દ્વારા સુંદર માર્ગદર્શન અને વિદ્યાર્થીઓને માહિતી મળે તે માટે તેમણે ચાલતા ૨ કેસના ચુકાદા ૧૫ મીનીટ માટે રોકી રાખી બાળકોને પ્રત્યક્ષ માર્ગદર્શન અને ડેમોન્સ્ટ્રેશન આપેલ. સામાજિક વિજ્ઞાનમાં આવતી વિવિધ કાયદાકીય ટર્મ્સ ની વ્યાખ્યાઓ સમજાવવામાં આવી.

જો આપણે જોઈએ કે જીવન માં આપણી પાસે શું છે ? તો આપણી પાસે હંમેશા ઝાઝું જ હશે.
અને જો આપણે એમ જોઈએ કે જીવન માં આપણી પાસે શું નથી ? તો આપણી પાસે ક્યારેય પુરતું નહીં હોય.

# શાળાકીય પ્રવૃત્તિઓની ઝરમર




શાળા નં.૧૪ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું જેમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ..



શાળા નં.૨૪ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું જેમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ..



SBI શાસ્ત્રીનગર,ભાવનગર તરફ થી શાળા નં. ૫૮, વિઠલવાડીને ફર્નિચર દાનમા મળતા સાભાર સ્વીકારેલ.



શાળા નં. ૬૭માં જનજાગૃતિ વિષયક ચિત્રો વિદ્યાથીઓ તથા ચિત્ર શિક્ષકશ્રી દ્વારા દીવાલ પર દોરવામાં આવ્યા.



12મી જાન્યુઆરી રાષ્ટ્રીય યુવાદિન નિમિત્તે કેન્દ્રવર્તી શાળા નં.70 લંબે હનુમાન પ્રાથમિક શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ.



બોર ખાવાની મજા સાથે ગુણાકાર ભાગાકાર શીખતા શાળા નં 3 કુંભારવાડા ના બાળકો...





<u>નવતર પ્રયોગ</u>

<u>શાળા નં.65 બોરતળાવ મા દર બુધવાર વિજ્ઞાન દિવસ તરીકે નક્કી કરી વિજ્ઞાનની પ્રવૃત્તિઓ ,પ્રયોગો જાતે કરતા ધોરણ 8 ના વિધાર્થીઓ -</u>

“ભાવમન”નું વિમોચન કરતા મેયરશ્રી મનહરભાઈ(મનભા) મોરી





રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના ભાગ રૂપે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિવિધ શાળાઓમાં કવીઝ તેમજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું.





રામકૃષ્ણ મિશન,ભાવનગર દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મદિન નિમિત્તે શાળા નં. ૨૨માં ત્રિદિવસીય પ્રદર્શન યોજાયું.

શાળા નં. ૫૮ના શાળા સેવકશ્રી રજનીભાઈ નો નિવૃત સન્માન સમારોહ







શિશુવિહાર આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિવિધ ઇનામ પણ પ્રાપ્ત કરેલ.



શાળા નં- ૧૨માં માતૃ-પિતૃ પૂજનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું, વિશાળ સંખ્યામાં વાલીઓની હાજરી.



માન. ધારાસભ્યશ્રી વિભાવરીબેન દવેની રૂ.5 લાખની ગ્રાન્ટમાંથી નિર્મિત થનાર મધ્યાહન ભોજન શેડનું શાળા નં.19,દિપકચોકમાં માન. ચેરમેનશ્રી નિલેશભાઇ રાવલના હસ્તે ખાતમુહૂર્ત.

પોતાનું સંપૂર્ણ જીવન આપી "પાણી" વૃક્ષ ને ઉછેરે છે એટલે જ કદાચ પાણી ક્યારેય લાકડા ને ડૂબવા દેતું નથી




માન.વિભાવરીબેન દવે(મંત્રીશ્રી રાજ્ય કક્ષા-મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ અને યાત્રાધામ) બેટી બચાવો,બેટી પઢાવો રેલીને લીલી ઝંડી આપી,

"ભાવમન" પત્રિકામાં આપના લેખો,માહિતી,કાર્યક્રમના ફોટોઝ વગેરે માહિતી bhavmanmsb@gmail.com પર દર મહિનાની ૨૪ તારીખ સુધીમાં મોકલી આપવી.દરેક માહિતી ms wordની ફાઈલ બનાવીને મોકલવી. કાર્યક્રમના ફોટોઝ નીચે તેની વિગત દર્શાવતી ટૂંકી નોંધ લખવી.














નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિવિધ શાળાઓમાં પ્રજાસત્તાક પર્વની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી કરાઈ, વિશેષમાં શાળા નં. ૩૦ દ્વારા વીર ચેરીટેબલ ટ્રસ્ટ સહયોગથી આન બાન શાન સાથે ૬૦મી. લાંબા ત્રિરંગાની ભવ્ય શોભા યાત્રા યોજી હતી.

# આવો ઉજવીએ માતૃ-પિતૃ પૂજન દિવસ- ૧૪ ફેબ્રુઆરી

ભારતીય સંસ્કૃતિમાં માતા પિતાને દેવ સમાન ગણવામાં આવ્યા છે.આજના સમયમાં પણ સર્વદુખ સહન કરીને માં-બાપ બાળકનાં દરેક સુખ માટે ૨૪ કલાક તત્પર રહે છે, બાળક ભણી-ગણી ભલે ડૉક્ટર-એન્જીનીયર કે શ્રેષ્ઠ ધનવાન બને પણ જ્યારે તે માં-બાપ બને ત્યારે જ માતા-પિતાનું મૂલ્ય સમજી શકે છે. આથી આપણા બાળકોમાં પણ માતા-પિતા સાથે બાળકની લાગણી જળવાય રહે અને દરેક ઘરમાં સંસ્કાર, ભારતીય સંસ્કૃતિ સચવાય અને તેનું સિંચન થાય એવો સુંદર પ્રયત્ન કરીએ ૧૪ ફેબ્રુઆરીના દિવસે.......

આપણી શાળામાં માતૃ-પિતૃ દિનની ઉજવણી નિમિત્તે આપની શાળામાં આ પ્રવુતિ અવશ્ય કરીએ.

- ૧૪ – ફેબ્રુઆરીના દિવસે ૫ થી ૧૦ વાલી દંપતીને આમંત્રણ આપવાનું રહશે,જેમાં દરેક ધર્મ,જાતિ,વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ મળી રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે.
- કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના સભ્યો / SMCના સભ્યો / કોર્પોરેટર / શિક્ષણવિદો કે અન્ય સમાજ સેવી વ્યક્તિઓને આમંત્રિત કરવા.
- આ કાર્યક્રમમાં માતા-પિતાનું તેમના સંતાનો દ્વારા ભારતીય સંસ્કૃતિ અનુસાર પૂજન કરાવવું જેમાં તિલક – ફૂલહાર – વંદન – પ્રદક્ષિણા – મીઠું મો કરાવીને પૂજન વિધિ કરી શકાય છે.
- જીવનમાં માતા-પિતાના મહત્વ વિષે વર્ગખંડમાં જ ૧૦ મિનીટની મર્યાદામાં બાળક વક્તવ્ય આપે.
- કોઈ એક માતા ૧૦ મિનીટની મર્યાદામાં માતા-પિતાના મહત્વ વિશે બોલે.
- શિક્ષકશ્રીએ વાલીને બાળકના હકારાત્મક પાસાથી અવગત કરાવશે.
- શિક્ષકશ્રી પત્રક – B દ્વારા વિદ્યાર્થીના થનાર મુલ્યાંકનથી વાલીને વાકેફ કરી અને વાલીએ રાખવાની તકેદારી સમજાવે.
- બાળકો અને વાલીઓને સંસ્કૃતિ અને જીવનમાં માતા-પિતાનાનું મહત્વ રજૂ કરતું વક્તવ્ય આપવાનું રહેશે.
- માતૃ-પિતૃ પૂજન દિવસ અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા અર્થે અન્ય વિશેષ પ્રવૃત્તિનું આયોજન પણ કરી શકાય છે.

-: માતૃ -પિતૃ દિવસના ઉદ્દેશો :-

- જીવનમાં માતૃદેવો-ભવ પિતૃદેવો-ભવનું મહત્વ સમજે.
- વિદ્યાર્થી માતા-પિતા પ્રત્યે આદરભાવ કેળવતો થાય.
- માતા-પિતા બાળક અને શિક્ષક વચ્ચે તાદાત્મ્ય કેળવાય.
- ભારતીય સંસ્કૃતિની ગરિમા અને પરંપરા પ્રત્યે આદરભાવ કેળવાય.
- દરરોજ માતા-પિતાને વંદન કરતો થાય

**ગમે તેવા હોય ગુણીજન છતાંયે માતા-પિતાના સૌ ઋણીજન**

# માતૃભાષા દિન - ૨૧ ફેબ્રુઆરી

## આપણી શાળામાં માતૃભાષા દિનના દિવસે આટલું અવશ્ય કરીએ.

-: માતૃભાષા દિન ઉદ્દેશો :-

- માતૃભાષાનું મહત્વ સમજે.
- માતૃભાષા તરફ આદર અને સન્માનની લાગણી ધરાવતો થાય.
- માતૃભાષાની વિશિષ્ટતાઓથી વાકેફ થાય.
- શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનું મહત્વ સમજે.
- માતૃભાષામાં રચાયેલ  સાહિત્ય અને સાહિત્ય પ્રકારનું મહત્વ સમજે.
- માતૃભાષાની વ્યાકરણીય વિશિષ્ટતાઓ અનુસ્વાર વિરામ ચિહ્નોની પ્રારંભિક સમજ કેળવે.
- માતૃભાષા અને અન્ય ભાષાઓ ભેદ સમજે.

-: માતૃભાષાદિનની પ્રવૃત્તિઓ :-

- ભગવદગોમંડળ ઓનલાઈન કોશ વિશે સમજાવવું.
- નિબંધ સ્પર્ધા,નાટક,સમૂહ નૃત્ય,જેવા કાર્યક્રમો યોજી શકાય
- ગુજરાતના અગ્રણી સાહિત્યકારોનો પરિચય,સાહિત્યકારોની કૃતિઓનો પરિચય,પારિતોષિક વિજેતા કૃતિઓનું પ્રદર્શન કરી શકાય.
- કાવ્યગાન,આદર્શ ગુજરાતી વાંચન,લોકગીત સ્પર્ધા,દુહા-છંદગાન જેવી સ્પર્ધા યોજવી.
- વર્ગશિક્ષણ દરમ્યાન ધોરણ  – ૬ના વિદ્યાર્થીઓને જોડણી સુધારો,જોડણીના નિયમો,અને જોડણી કોશ તેમજ શબ્દકોશનો ખ્યાલ આપવો.
- ધોરણ  – ૭ના વિદ્યાર્થી માટે વિરામ ચિન્હોનો ઉપયોગ તત્સમ અને તદભવ શબ્દોનો ખ્યાલ આપવો.
- ધોરણ – ૮ના વિદ્યાર્થી માટે સંજ્ઞા,અલંકાર,સંધિ અને સમાસનો ખ્યાલ આપવો.
- શાળા ડિસ્પ્લે બોર્ડ પર માતૃભાષા લગતી બાબતો પ્રદર્શિત કરી શકાય.


**ગુજરાતી ભાષા એટલે શબ્દોનો લીલો પાલવ ઓઢી અને વાક્યો થકી લાગણીની સરિતા વહેતી કરતી મારી નિર્મળ માતૃભાષા**

# આગામી માસના કાર્યક્રમો-ફેબ્રુઆરી

- ઇનોવેટીવ કામ કરતા શિક્ષકોના તથા આચાર્યનું ઇનોવેશન ફેરમાં નોમીનેશન
- ઝોન વાર થતા બાળફિલ્મોત્સવમાં ફિલ્મ બનાવી મોકલવી.
- દ્રિતીય સત્રમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓના બેંક ખાતા બાકી હોય તો ખોલાવી નાખવા.
- વાર્ષિક ઇન્પેક્સશન માટેની તૈયારી, ગુણોત્સવ પૂર્વ તૈયારી
- ધોરણ- ૨ પ્રજ્ઞા નિદાન કસોટી, એકમ કસોટી કાર્યક્રમ
- શાળા કક્ષાએ માતૃ-પિતૃ પૂજન દિન, માતૃભાષા દિન, વિજ્ઞાનદિનની ઉજવણી

| માસ | તારીખ | વાર | ધોરણ અને વિષય | | |
|---|---|---|---|---|---|
| | | | ૩ | ૪-૫ | ૬ થી ૮ |
| ફેબ્રુઆરી | ૨/૨/૧૯ | શનિવાર | -- | --- | સામાજિક વિજ્ઞાન |
| ફેબ્રુઆરી | ૯/૨/૧૯ | શનિવાર | -- | --- | સંસ્કૃત |
| ફેબ્રુઆરી | ૧૬/૨/૧૯ | શનિવાર | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી |
| ફેબ્રુઆરી | ૨૩/૨/૧૯ | શનિવાર | ગણિત | ગણિત | ગણિત |

આ દુનિયામાં ઘણી સહેલાઈથી છેતરી શકાય તેવી વ્યક્તિ જો કોઈ હોય તો તે આપણી જાત છે. -લાઈટૉન

## ૧૮-ફેબ્રુઆરી રામકૃષ્ણ પરમહંસ જન્મદિન

જગતને નૂતન આધ્યાત્મિક સંદેશ અર્પનાર રામકૃષ્ણ પરમહંસનો જન્મ 18/2/1836 ના રોજ બંગાળના કામારપુકુર ગામમાં થયો હતો.વારસામાં ઊતરેલી ભગવદભક્તિને લીધે સાધુ સમાગમ,ભજનકીર્તન તથા ભગવાનની લીલા ખેલોના ખેલોમાં જ તે મસ્ત રહેતા. એટલી નાની વયે પણ એ સમાધિસ્થ થઇ જતા.મા કાલિકાની અવિરત ઉપાસનાએ તેમને બે બે વાર ગંભીર માંદગીમાં સપડાવું પડ્યું હતું. તોતાપુરી નામના સંન્યાસી પાસેથી વેદાંત તથા સાધનાનું જ્ઞાન મેળવી સમાધિ-સાધના આદરી.જે સાધના કરતાં તોતાપુરીને ખુદને ચાલીસ વરસ લાગેલા તે સાધના રામકૃષ્ણે કેવળ ત્રણ જ દિવસમાં સિદ્ધ કરી.આમ પરમ જ્ઞાન પ્રાપ્ત કરી તે પરમહંસ કહેવાયા. તેમની વિશુદ્ધ ભક્તિથી પ્રભાવિત થઇ બધા જ સંપ્રદાયના લોકો એમના સત્સંગનો લાભ લેતા.વિદ્વાન ભક્તોનું મંડળ વધવા લાગ્યું. સ્વામી વિવેકાનંદ તેમના અધિક પ્રિય શિષ્ય બન્યા અને તેમણે શ્રી રામકૃષ્ણ મઠની સ્થાપના કરી.દક્ષિણેશ્વર યાત્રિકો અને દર્શનાર્થીઓથી ઉભરાવા લાગ્યું.રામકૃષ્ણની શારીરિક સ્થિ તિ અસ્વસ્થ રહેતી હતી.સ્વામી વિવેકાનંદને ભાવિ કર્તવ્યનો ઉપદેશ આપ્યા પછી ત્રણવાર કાલી ! કાલી ! કાલી ! એવો ઉચ્ચાર કરી મહાસમાધિમાં લીન થઇ ગયા. ઇ.સ.1886 માં રામકૃષ્ણની ઇહલોકની લીલા સંકેલી લીધી.

## ૨૫ ફેબ્રુઆરી-રવિશંકર મહારાજ જન્મદિન

ગુજરાતની ગ્રામીણ પ્રજાના ભેરુ,મૂક સેવક શ્રી રવિશંકર મહારાજનો જન્મ 25/2/1884 ના રોજ ખેડા જિલ્લાના રઢૂ ગામમાં થયો હતો.મહારાજ નાનપણથી જ નિર્ભય.ભૂત જોવા મધરાતે સ્મશાનમાં જવું ,, લડતા પાડાને લાકડી વડે છૂટા પાડવા,બહારવટિયાની શોધમાં એકલા ધૂમવું એ તો મહારાજને માટે રમત વાત.તેમનું શાળાકીય ભણતર તો સાત ચોપડી જેટલું જ હતું પણ નાનપણથી જ તેમનામાં અન્યાયનો પ્રતિકાર કરવાની તેમજ સેવા કરવાની વૃતિઓ બીજરૂપે પડી હતી,જે સમય જતાં મોટા વટવૃક્ષરૂપે પાંગરી હતી.કુદરતી આફતો કે મહામારી વખતે લોકોની સેવા કરવામાં તેઓ હંમેશા મોખરે રહ્યા હતા.કોમી હુલ્લડ વખતે હિન્દુ-મુસ્લિમ લતાઓમાં નિર્ભય થઇને ફરતા અને ભાઇચારો સ્થાપવાનો પ્રયાસ કરતા.ગુજરાતના અલગ રાજયની રચના થતાં ગુજરાત રાજાયનો શુભારંભ તેમના હસ્તે થયો હતો.શ્રમ,સાદાઇ અને સંયમ એ મહારાજના જીવનના મુખ્ય ત્રણ ગુણો હતા.તેઓ ચેતવણીરૂપે કહેતા ‘હવેનો જમાનો પરિશ્રમનો આવે છે ,પરિશ્રમ નહીં કરે તે ભૂખે મરશે. ’ હરહંમેશ બીજાના ખપમાં પોતાનું જીવન સમર્પિત કરનાર પૂજ્ય રવિશંકર દાદાનું ઇ.સ.1984 માં શતાબ્દી આયુષ્ય ભોગવીને નિધન થયું.જેમની સાથે ખોળિયું અદલબદલ કરવાનું ગાંધીજીને પણ મન થયેલું એવા સેવાના ભેખધારી રવિશંકર મહારાજનું સ્મરણ કરીએ

## ૨૭ ફેબ્રુઆરી- ચંદ્રશેખર આઝાદ પુણ્યતિથિ

મોંઘા વતનનાં મોંઘા રતન ક્રાંતિવીર ચંદ્રશેખર આઝાદનો જન્મ મધ્યપ્રદેશના ભાવરા ગામમાં થયો હતો.નાનપણમાં પિતાએ ઠપકો આપતાં રિસાઇ,ઘરછોડી કાશી ગયા અને સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો. તે દરમિયાન અસહકારનું આંદોલન શરૂ થતાં પિકેટિંગમાં જોડાયા,પરંતુ અંતે ગાંધીજીની અહિંસા તેમને અનુકૂળ ન આવી.અભ્યાસ છોડી ચંદ્રશેખર ક્રાંતિકારી દળમાં જોડાયા. ક્રાંતિકારી દળમાં એમણે મોટી જવાબદારી નિભાવી. નાણાંની ખેંચ ઊભી થઇ ત્યારે કાકોરી ખાતે રેલધાડના પ્રસ્તાવને સમર્થન આપનાર તેઓ પ્રથમ હતા. સંગઠનશક્તિ તથા સાહસિક સ્વભાવને કારણે સૌના માનીતા થઇ ગયા અને વીરપુરુષોના એ નેતા બની ગયા. સરકારે તેમને પકડવા અથાગ પ્રયાસો કર્યા પણ આઝાદ ‘આઝાદ’ જ રહ્યા.એમને પકડવા સરકારે હજારોના ઇનામો જાહેર કર્યા હોવા છતાં,એની લાલચ ક્રાંતિદળમાં કદી કોઇને સ્પર્શી ન હતી.ક્રાંતિકારીઓના તાકાત ધીમે ધીમે તૂટવા લાગી હતી.એક દિવસ અલ્હાબાદના એક બાગમાં પોલીસોએ તેમને ઘેરી લીધા. તેમણે ત્રણ-ચાર પોલીસોને ઘાયલ કર્યા,પરંતુ લાગ્યું કે હવે અહીંથી છટકાશે નહીં એટલે છેલ્લી ગોળી પોતાના જ લમણામાં ઝીંકી ચિરશાંતિની ગોદમાં પોઢી ગયા.એ દિવસ હતો ઇ.સ.1931 ના ફેબ્રુઆરી માસની 27મી તારીખનો. ચંદ્રશેખરનું જીવન એટલે જવામર્દી અને ઝિંદાદિલીના જ્વલંત કથા. “દુશ્મન કી ગોલિયોં કા હમ સામના કરેંગે,આઝાદ હી રહે હૈ,આઝાદ હી રહેંગે.”

**કાયાને શસ્ત્રથી પણ વધુ મજબૂત બનાવો પરંતુ હૃદયને તો પુષ્પથી પણ કોમળ બનાવો– રવિશંકર મહારાજ**

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિન –૨૮ ફેબ્રુઆરી




**નોબલ પારિતોષિક વિજેતા ભારતીય વૈજ્ઞાનિક ડો. સી.વી.રામનની યાદમાં ઉજવાતો દિવસ , વર્ષ ૨૦૧ ૯માં " science for the people and the people for science"ની થીમ પર ઉજવાશે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ** . ટચૂકડા મોબાઇલ ફોન કે લેપટોપને ઈન્ટરનેટ મારફતે જોડીને ઘરમાં બેસીને દુનિયાના કોઇ પણ ખૂણે રહેતા સ્વજન સાથે વાત કરતી વખતે કે નેટ બૅન્કિંગ મારફતે ઓનલાઈન ખરીદી કરતી વખતે કે ભવિષ્યમાં થનારા સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણની માહિતી વિષે અખબારોમાં વાંચતી વખતે કયારેય આપણને વિજ્ઞાનનું મહત્વ સમજાયું છે ખરૂ? આપણો જવાબ હશે "ના", રોજિંદા જીવનમાં વણાઇ ગયેલા વિજ્ઞાનની ઉપયોગિતા અંગે લોકોને જાગૃત કરવા માટે સમગ્ર દેશમાં ૨૮ ફેબ્રુઆરીને "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. ભારત સતત વિકાસશીલ દેશ રહ્યો છે. વર્તમાન સમયમાં ભારત દેશ વિકાસની જે હરણફાળ ભરી રહ્યો તેમાં વિજ્ઞાનનો મહત્તમ ફાળો રહ્યો છે. જે-તે સમયે દેશમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા દુર કરવામાં વિજ્ઞાને મહત્વનો ફાળો આપ્યો છે. વિજ્ઞાન આપણા રોજિંદા જીવનનો એક મહત્વનો ભાગ છે. આપણા હાથમાં રહેલા અવનવા ગેજેટ્સથી લઈને અવકાશ વિજ્ઞાન સુધીની સતત વિકસતી ટેક્નૉલોજીએ વિજ્ઞાનની અને માનવ જીવનના સતત પ્રયત્નોની સમગ્ર માનવ સમુદાયન મળેલી ભેટ છે.૨૮ મી ફેબ્રુઆરી ૧૯૨૮માં કલકત્તાની ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ફોર ધ કલ્ટિવેશન ઓફ સાયન્સ ખાતે ભારતીય વૈજ્ઞાનિક સર ચંદ્રશેખર વેંકટ રામને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પ્રકાશના કિરણોની અલગ અલગ તરંગ લંબાઈ પર વિખેરાઈ જવાની પ્રકીયાનું ખુબ જ બારીકાઈથી અવલોકન કરી તેને લોકો સમક્ષ મુકી હતી. જે શોધ ને તેમના નામ પરથી 'રામન ઈફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે. વર્ષ ૧૯૩૦માં આ નોંધપાત્ર શોધ માટે તેમને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. ભારતમાં જ સંશોધન કાર્ય કરીને નોબલ પુરસ્કારર મેળવનાર પ્રો. રામન એક માત્ર ભારતીય વૈજ્ઞાનિક હતા. તેમની શોધ પરથી વધુને વધુ બાળકો અને યુવાનોને પ્રેરણા મળે તેવા શુભાશયથી સરકારશ્રી દ્વારા દર વર્ષે નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવે છે.

ડો. ચંદ્રશેખર વેંકટરામનનો જન્મ ૭મી નવેમ્બળર , ૧૮૮૮માં તામિલનાડુમાં ત્રિચિનાપલ્લી પાસે થિરૂવનાઇકકાવલ ગામમાં થયો હતો. નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે વિશેષ રુચિ હોવાથી એમણે નકકી કર્યુ હતુ કે, જીવનનું લક્ષ્ય વિજ્ઞાનને જ બનાવીશ. પાઠ્ય પુસ્તતકોની સાથે-સાથે કોલેજ લાઇબ્રેરીમાં મોટા-મોટા ગ્રંથો વાંચતા હતા. તેઓ પોતાની એક પણ ક્ષણ વ્યઇર્થ જવા દેવા નહોતા માંગતા. પરીક્ષા પાસ કરવી તેમને માટે ગૌણ બાબત હતી પરંતુ, વિજ્ઞાનની શોધો કરવાનું તેમનું મુખ્યમલક્ષ્ય હતું.

તેઓ સરકારી નોકરી કરતા હોવા છતા વિજ્ઞાનની રૂચિને કારણે સંશોધન ચાલુ રાખ્યુંતઇ.સ. ૧૯૧૭માં કલકતા વિશ્વ વિદ્યાલયમાં પ્રોફેસરની નોકરી સ્વીકારી , સરકારી નોકરીમાંથી રાજીનામું આપી સંપુર્ણ સમય વિજ્ઞાનને સર્મપીત કર્યો. રામન અસર શોધનો પ્રારંભ ઇ.સ. ૧૯૨૧માં થયો હતો અને શોધ પૂર્ણ થઇ હતી. ઇ.સ. ૧૯૨૮માં એ શોધ ઇન્ડિણયન જર્નલ ઓફ ફિઝિકસ કલકતામાં સર્વપ્રથમ પ્રકાશિત થઇ હતી.

આની વિધિસર ઘોષણા ૧૯૩૦માં થઇ હતી. લગભગ ૭૦૦૦ જેટલા શોધ નિબંધો અને સંશોધનો આ વિષય ઉપર પ્રકાશિત થયા છે તથા અનેક પુસ્તકો છપાયા છે. જર્મન અને ફ્રેચ ભાષામાં અનેક નિબંધો લખાયા છે.એક બ્રિટીશ પત્રિકામાં રામન અસરનાં સંદર્ભમાં લખવામાં આવ્યું હતુ કે , આ શોધની સરખામણી રેડિયોએકટીવ કિરણોની શોધ જેટલી જ અગત્યની છે. ઇ.સ. ૧૯૩૦માં સ્વિઝરલેન્ડની જયુરીએ ભૌતિક વિજ્ઞાન પદે એમને ફેલો બનાવ્યા. અમેરિકાની ફ્રેંકલીન ઇન્સ્ટિટયુટે એમને ફ્રેંકલીન પદકથી વિભૂષિત કર્યા. ૧૯૩૨માં રામન પ્રભાવની શોધને નોબલ પુરસ્કાભર આપવામાં આવ્યોહ. સમસ્ત એશિયામાં આ પુરસ્કાલસ્સર્વપ્રથમ પ્રાપ્ત કરવાનો યશ ડો. સી.વી. રામનને ફાળે જાય છે.લોકોના રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતા વિજ્ઞાનના મહત્વ વિશે સંદેશ ફેલાવવા તેમજ મહત્તમ લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને દ્રષ્ટીકોણ કેળવાય , ભારતમાં માનવ કલ્યાણ માટે વિજ્ઞાનના ક્ષેત્રમાં થતી તમામ પ્રવૃત્તિઓ , પ્રયાસો અને સિદ્ધિઓ આ દિવસે પ્રદર્શિત કરવામાં આવે છે. વિજ્ઞાનના વિકાસ માટે નવી ટેકનોલોજીનો અમલ કરવો , દેશમાં વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા નાગરિકોને મહત્તમ તક મળે, લોકોને મહદ

અંશે વિજ્ઞાન તરફ આકર્ષાય તે માટે પ્રોત્સાહન આપવા તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીને લોકપ્રિય બનાવવા માટે દર વર્ષે "નેશનલ સાયન્સ ડે" ઉજવવામાં આવે છે.

"નેશનલ સાયન્સ ડે" એ ભારતમાં વિજ્ઞાનને લગતા ઉજવાતા તહેવારો પૈકીનો મુખ્ય તહેવાર છે. આ દિવસે વિવિધ શાળાઓ, કોલેજો તથા યુનિવર્સિટીઓમાં વિજ્ઞાનને લગતા વિવિધ પ્રોજેક્ટસનું પ્રદર્શન યોજવામાં આવે છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા રેડીયો-ટીવી પર વિવિધ કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનને લગતી ચર્ચાઓ , સાયન્સ ક્વિઝ, સાયન્સ મુવીઝ વગેરેનું પણ નિદર્શન કરવામાં આવે છે.વર્ષ ૧૯૯૯ થી નેશનલ સાયન્સ ડે ની ઉજવણી થીમ આધારીત કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૯માં "અવર ચેન્જીંગ અર્થ" , વર્ષ ૨૦૦૧માં " વિજ્ઞાન શિક્ષણ માટે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો ઉપયોગ", વર્ષ ૨૦૦૩માં " ૫૦ વર્ષ ડીએનએ ના અને ૨૫ વર્ષ આઈ.વી.એફ ના - જીવનની રૂપરેખા", વર્ષ ૨૦૦૯માં " વિજ્ઞાનની વિકસતી ક્ષિતીજો", વર્ષ ૨૦૧૫માં "રાષ્ટ્ર નિર્માણમાં વિજ્ઞાનનો ઉપયોગ" તથા વર્ષ ૨૦૧૮માં " ઉજ્વળ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ" જેવી વિવિધ વિષયોની થીમ પર નેશનલ સાયન્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે.

**વિજ્ઞાન દિવસની પ્રવૃત્તિઓ :-**

- **વૈજ્ઞાનિક પરિચય આપતા ચાર્ટ,ચિત્રો પ્રદર્શિત કરવા.**
- **શાળામાં પ્રોજેક્ટર કે ટી.વી. પર વિજ્ઞાનને લગતા ચલચિત્રો કે યુ ટ્યુબ પરના સારા વિડિયો દર્શાવવા.**
- **ત્રણ – ત્રણ શાળાઓનું જૂથ બનાવી દરેક શાળામાં ૬,૭,૮, ના એક – એક ધોરણના તમામ પ્રયોગો રજુ કરવા.**
- **૩ થી ૫ ધોરણના પ્રયોગો પણ ત્રણ – ત્રણના જુથમાં કરવા અને અનુરૂપપ્રવૃત્તિ વિદ્યાર્થીઓ પાસે જૂથમાં કરાવવી.વધારેમાં વધારે પ્રવૃત્તિ કરે તે ખાસ જોવું.**
- **શાળા કક્ષાએ થનાર પ્રયોગો જોવા SMCના સભ્યો,સદસ્યશ્રીઓ,કોર્પોરેટરશ્રી,વિજ્ઞાનમાં રસ ધરાવતા મહેમાનશ્રીઓને આમંત્રણ આપવું.**
- **ધોરણ – ૩,૪,૫માં સૌની આસપાસ મારી આસપાસ અને આપણી આસપાસને લગતા પ્રયોગો વિદ્યાર્થી જાતે રજુ કરે આ સંદર્ભે જરૂરી વસ્તુઓ આચાર્યશ્રી અને શિક્ષકશ્રીઓએ અગાઉથી વ્યવસ્થા કરવી.**
- **ધોરણ – ૬,૭,૮ ના વિદ્યાર્થી ધોરણ ને અનુરૂપ પ્રયોગો જાતે કરતા શીખે અને શિક્ષકશ્રી માર્ગદર્શન આપે.**
- **શાળા કક્ષાએ નવી વૈજ્ઞાનિક શોધખોળ વિશે કે કોઈ વૈજ્ઞાનિકના જીવન વિશે ૧ કલાકની મર્યાદામાં પિક્ચર બતાવી શકાય .**

**:- વિજ્ઞાન દિવસના ઉદ્દેશો -:**

- **સમ્રગ દિવસ વિજ્ઞાનમય બને.**
- **વિજ્ઞાનની આધુનિક શોધોથી વાકેફ થાય.**
- **વિજ્ઞાન દ્વારા માનવજીવનમાં આવેલ આમુલ પરિવર્તનો અંગે સમજ કેળવે.**
- **વિજ્ઞાનના સામાન્ય પ્રયોગો જાતે કરતા શીખે.**
- **કોઈપણ પ્રક્રિયાને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોતા થાય.**
- **અંધશ્રદ્ધા,ગેરમાન્યતાઓ,રૂઢિઓ દુર થાય.**




જેની પાસે ધૈર્ય છે અને જે મહેનતથી ગભરાતો નથી; સફળતા તેની દાસી છે.–દયાનંદ સરસ્વતી

# મહાત્મા ગાંધી નિર્વાણ દિન - ૩૦ જાન્યુઆરી














મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ભાગ રૂપે ૩૦ જાન્યુઆરીના રોજ નગર પ્રાથમિક સમિતિની ૫૫ શાળાઓમાં મહાત્મા ગાંધીની પુણ્યતિથીની ઉજવણી કરવામાં આવી તેમજ શાળાઓમાં મહેમાનશ્રીઓ તેમજ વક્તાઓ દ્વારા મનનીય પ્રવચન આપેલ.





મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ભાગ રૂપે ૩૦ જાન્યુઆરીના રોજ નગર પ્રાથમિક સમિતિની ૫૫ શાળાઓમાં મહાત્મા ગાંધીની પુણ્યતિથીની ઉજવણી કરવામાં આવી તેમજ ક્વિઝ સ્પર્ધામાં વિજેતા બાળકોને ઇનામ અને પ્રમાણપત્ર પણ આપવમાં આવ્યા તેમજ વૃક્ષારોપણ પણ કરવામાં આવેલ.

| ----- રવાના -----<br><br>બ્લોક રિસોર્સ સેન્ટર<br>ડાયટ કેમ્પસ,સીદસર , ભાવનગર | PRINTED BOOK<br><br>TO, ........................................................<br>..........................................................<br>..........................................................<br>.......................................................... |
|---|---|